


ફોન : ૨૩૨૨૬૨૫૧




ચૂંટાયા પછી, 'હિંદુત્વ'નો હેતુ બદલી નાખે છે,
ભૂલી જાય 'રામ', શ્રદ્ધા-વિશ્વાસ બદલી નાખે છે,
બદલી નાખે છે વાણી-વર્તન મિત્રો-સાથીઓ સાથે-
ગામ નાં ગામની મૂળ 'રાષ્ટ્રીયતા' બદલી નાખે છે!!
(ભારતીઓ હવે બાંગ્લાદેશી)
(૧૧૭ ગામ)

કાશ્મીર આપો!
દૈ ધો અરૂણાંચલ -
તો થાય શાંતિ!
(લાવો સાઠ વર્ષે ઉકેલ!)

નિતીશ-લાલુ
રંડાયા પછી આવ્યું -
છે ડહાપણ!!
(વાઘ-બકરીનો સુમેળ)




## ચિંતન

**પ્રભૂતમલ્પ કાર્યં વા યો નરઃ કર્તુ મિચ્છતિ । સર્વારંભેણ તત્કુર્માત્સિંહાદેકં પ્રકીર્તિતમ્ ॥**

'સિંહ જયારે શિકાર કરવા નિકળે છે ત્યારે તે શિકાર કરીને, લઇને જ પાછો આવે છે એમ માણસે પણ કોઇ પણ નાનું-મોટું કાર્ય જયારે પણ હાથમાં લે અને તેને નિશ્ચિતપણે પૂર્ણ કરવા જ ઇચ્છતો હોય તો પ્રથમ તે કાર્યના બધાં પાસાં (કાર્ય કરવાની રીત-આયોજન-આવનાર સમસ્યાઓ અને તેનો ઉકેલ) વગેરેનો પૂર્ણ વિચાર કરી પછી તમામ શક્તિઓનો ઉપયોગ કરી તે કાર્ય શરુ કરવું અને અંત ન આવે ત્યાં સુધી - સફળતાપૂર્વક પૂર્ણ ન થાય ત્યાં સુધી એમાં મંડ્યા જ રહેવું જોઇએ.'

આપણે નવા વર્ષે - જન્મદિવસે (પતિ કે પત્નીના) લગ્નતિથિના કે માતા-પિતાની તિથિઓના દિવસે કોઇ નિયમ-સંકલ્પ કરીએ - આવા નિર્ણયો સંકલ્પ-માંડ એક સપ્તાહ ચાલુ રહે છે.

આપણે કોઇ પણ નિયમ લઇએ એ સંકલ્પ-નિર્ણય-નિયમ થઇ - ટેવ અને સ્વભાવ થઇ જવો જોઇએ.

હાથમાં લીધેલું કામ અંત ન આવે - અંતિમ પરિણામ ન આવે ત્યાં સુધી વચ્ચેથી કોઇ બહાનું બતાવી - કોઇના પર આરોપનું ઠીકરું ફોડી - છોડી ન દેવું જોઇએ.

## સુવિચાર

- શેરડીમાં જયાં ગાંઠ હોય છે ત્યાં રસ નથી હોતો તેમ જીવનને જો રસસભર રાખવું હોય તો હૃદયમાં કોઇનાય પ્રત્યે ગાંઠ રાખશો નહીં - **અમૃતબિંદુ**
- લુહારને ત્યાં રહેલો હથોડો લોખંડને ટીપતો રહે તૂટતો જાય છે, જયારે માર ખાઇ રહેલી એરણ મજબૂત બને છે, તેમ જ જે મારે છે, તે હારે છે, માર ખાય તે જીતે છે - **જનકલ્યાણ**
- સંસ્કરણ કર્યા વિના કપાસમાંથી કાપડ બનતું નથી, પથ્થરમાંથી પ્રતિમા બનતી નથી એ જ ન્યાયે પરમાત્મા પણ બનતો નથી - **રજનીશ**
- વિદ્યાર્થી જેમ ઉપરના વર્ગમાં જાય તેમ એની પરિક્ષાના પેપર અઘરા આવે છે, એ જ રીતે સાધક અધ્યાત્મના માર્ગે આગળ વધે તેમ તેમ તેને વધુ કષ્ટમાંથી પસાર થવું પડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમનો પુલ ઊભો કરી દીધા વિના જીવો સાથે મૈત્રીથી જોડાયેલા રહેવામાં સફળતા મળવાની સંભાવના બિલકુલ નથી - **જીવનસૂત્ર**
- વ્રત અને નિયમોથી આત્મા બંધાતો નથી પણ બચી જાય છે, આ શ્રદ્ધાને એકદમ તમે ચોક્કસ બનાવી લો - **સાધુ ધર્મપ્રિયદાસજી**
- દવાખાને જતા દર્દીની એક જ ઇચ્છા હોય છે 'હું કયારે દોષમુક્ત બનું?' તમે દેવ-ગુરુ-ધર્મના શરણે જતા આપણી એક જ ઇચ્છા બને 'હું કયારે દોષમુક્ત બનું..'- **ફાધર વાલેસ**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

નેતાશ્રી-પ્રધાનશ્રીઓ સચિવને બોલાવી પોતાની ઇચ્છા જણાવી દે અને પછી ઉપરથી એમ કહે - નિયમ નજરે - જે કાયદેસર થઇ શકે તેની નોંધ મૂકો. નિયમ સમજી જાય ન સમજે એની બદલી થાય...

સિંહ બે-ત્રણ દિ'નો ભૂખ્યો હતો. મિત્ર ગધેડો અને શિયાળને લઇ શિકાર કરવા ગયા. કહ્યું શિકાર ગોતી લાવો. પછી હું શિકાર કરીશ. અને ત્રણે સરખે ભાગે ભોજન કરીશું.

સાબરનો શિકાર કર્યો. સિંહ દોડી દોડી થાક્યો હતો. કહ્યું હું જરા આરામ કરું છું. ગધેડાભાઇ તું શિકાર તો સરખો ભાગે-ભાગ કર!

બિચારો ગધેડો સમજ્યો નહીં. ખરેખર સરખા ભાગ કર્યા! સિંહ જાગ્યો - ભાગ જોઇ, ગુસ્સે થયો. ગધેડાને મારીને ખાઇ જ ગ્યો.. પછી સિંહે શિયાળને કહ્યું, હવે તું બે જ ભાગ કર..

શિયાળ તો સચિવ જેવું સમજું હતો. કહે, મારાજ મારું પેટ બગડ્યું છે અને ભૂખ પણ ઓછી છે તમે પહેલાં પેટ ભરીને જમી લ્યો! પછી જે કંઇ વધ્યું-ઘટ્યું હશે તે આપની ઇચ્છા હશે તો હું ખાઇશ!

સિંહ-ખૂશ થયો. તને આવી હોંશિયારી કોણે શીખવી?

શિયાળ કહે, ગધેડાએ, મહારાજ.

Email - sureshchandrabhatt18@gmail.com

# લાઈફ પાર્ટનરને 'લાઈક'...!! અબ તો હૈ તૂમસે હર ખૂશી અપની...!!

## ડાર્લિંગ, તને કહેવા ન કહેવાથી કયાં કોઇ હવે અર્થ સરે છે... લગામ રાખું હોઠો પર તો આંખોથી મારા પ્રેમ આસવ ઝરે છે!!

એક કૉલેજમાં 'હેપ્પી મેરિડ લાઈફ' વિશે એક વર્કશોપનું આયોજન થયું હતું. લંચ બ્રેક થયો હતો અને બૂફે લંચ ડિશ સાથે રસ-પૂરી-પાત્રાના ચટાકેદાર જમણ સાથે જ પતિ-પત્નીના જૉક્સ કહેવાનાં ચાલુ હતા...

સમીરે કહ્યું જરા મારો લેટેસ્ટ જૉક સાંભળો... એક ભિખારીએ બુમ પાડી, અરે બહેન ખાવાં કંઈક આપો ને? બહેન બોલ્યા, બે મિનિટ ઊભા રહોઆવું છું. ભિખારી બોલ્યો, ભાગો ભાઈ ભાગો બહેન તો 'મેગી' બનાવીને લાવતા લાગે છે... એ ટોળામાં ઊભેલા બધા કપલ ખડખડાટ હસી પડ્યા...

સ્વીટી બોલી, આ તો એનાથી લેટેસ્ટ છે... પત્નીએ કહ્યું, 'ડાર્લિંગ મને મારા જન્મદિવસ પર બ્લેકબેરી કે એપલ અપાવોને.' પતિ : અરે પગલી તરબુચ કે મેંગો ખાને, અત્યારે એની જ સિઝન ચાલે છે... ફરી બધાં જોરદાર હસી પડ્યા...

મારી વાત સાંભળો જયેશે વાતમાં ઝુકાવ્યું... આ પત્ની છે ને પ્રસાદ જેવી હોય છે, જેમાં ખબર હોય તો પણ કંઈ ભૂલ કાઢી ન શકો, શ્રદ્ધા અને મજબુરીથી ચુપચાપ ખાઈ લવા પડે છે... ફરી હાસ્યનું મોજું...




શાલિની ટપકી પડી, જરા આ લગનની વાત સાંભળવા જેવી છે... વરરાજાએ પંડિતજીને પૂછ્યું, 'પત્નીને ડાબી બાજું બેસાડવાની છે કે જમણી બાજું?' પંડિતજી બોલ્યા, 'જયાં ઠીક લાગે ત્યાં બેસાડી લે ને. પાછળથી તો તે તારા માથા પર ચડીને બેસવાની છે...' વાહ શાલિની જોરદાર...



હમણાં નવી જ પરણેલી શ્વેતા બોલી... એક પત્ની એના પતિને સાંજે કેવી રીતે ઘરે આવવું, એની ડાયરેકશન આપી રહી હતી...

જુઓ બિલ્ડીંગની ડાબી બાજુએ જે ઓટોમેટીક લિફ્ટ છે, એ લિફ્ટમાં અંદર જઈ તમારી કોણીથી ૮ નંબરનું બટન દબાવજો. આઠમા ફ્લોર પર આવી, જમણાં હાથે આપણો ફ્લેટ છે, એનું કોણીથી ડોરબેલનું બટન દબાવજો, હું દરવાજો ખોલીશ. 'પતિ બોલ્યા, માય સ્વીટહાર્ટ, આ બધાં બટન હું કોણીને બદલે આંગળીથી દબાવું તો ઈઝી રહેશે ને?' પત્ની, 'ઓહ માય ગોડ એટલે તમે આપણી પ્રથમ મેરેજ એનિવર્સરીએ ખાલી હાથે જ સાંજે ઘરેઆવશો એમને?' બધાંને મજા પડી ગઈ...

એ ટોળામાં ઊભેલા એક એડવોકેટે કહ્યું, 'અરે, એક સાચ્ચો કિસ્સો સંભળાવું, કોર્ટમાં એક કેસની સુનાવણી ચાલતી હતી. એકસીડેન્ટના એ કેસમાં આરોપી પર ઝડપથી કાર ચલાવવાનો આક્ષેપ હતો. જજે પૂછ્યું, શું સાબિતી છે કે તમે ધીમે કાર જ ચલાવી રહ્યાં હતા?' આરોપી 'માયલોર્ડ, હું મારી પત્નીને લેવા માટે સાસરે જઈ રહ્યો હતો.' જજ : 'આ તો માસૂમ છે, નિર્દોષ, છોડી દો એને...'

અરે મારા પતિ તો બાલવામાં સાવ કેવા છે એમ કહી વૈભવીએ એની વાત કરી... હમણાં એમણે ગલ્લેથી પાન લીધું અને મને ખાવા માટે આવ્યું, મેં કહ્યું, 'તમે તમારા પોતાના માટે તો પાન લીધું જ નહીં.' તો એ બોલ્યા, 'હું તો પાન ખાધા વિના પણ મૂંગો રહી શકુ છું.' ફરી બધાં હસી પડ્યાં...

મોરલી બોલી, 'મારા પતિ પણ કોમેન્ટ કરવામાં એક્સપર્ટ છે. હજી ગઈકાલે જ બોલ્યા... ડાર્લિંગ, તું તો આજકાલ કાંઈ વધુ ને વધુ બ્યુટીફૂલ દેખાવા લાગી છે. મેં કહ્યું કેમ? તમને કેવી રીતે ખબર પડી?' અરે, જોને તને જોઈને તો રોટલીઓ પણ ઈર્ષાથી બળવા લાગી છે.. બધા મનમુકીને મોરલીની વાત પર હસી પડ્યા... આ કપલની વચ્ચે ચાલી રહેલી મજાકમસ્તી અને જૉક વર્કશોપના પ્રોફેસર પંડ્યા નોટ કરી રહ્યાં હતા...

લંચ બ્રેક પત્યો અને બીજું સેશન શરુ થયું, લંચ સમયે પ્રોફેશરે નોંધ્યું હતું કે મોટાભાગનાં બધાં જ પતિ-પત્ની આસપાસનાં લગ્ન પર જોક્સ કરતા હતા, પતિ-પત્નીની મજાક ઉડાવતા હતા, અને એમાંથી ખુશ થઈને ખડખડાટ હસતાં હતા... આ પરથી પ્રોફેસરે કહ્યું, ચાલો આજે મસ્ત મજાનું જમવાનું છે તો આપણે એક ગેમ રમીએ જેથી આળશ ન ચઢે... પછી આપણે આપણાં 'હેપ્પી મેરિડ લાઈપ' વિશે બીજી વાતો કરીશું...

બધાં ખૂશ થઈ ગયા... કઈ ગેમ?

પ્રોફેસર પંડ્યાએ એક મેરિડ યંગ લેડીને આંગળીથી બોલાવી અને કહ્યું કે આ બ્લ્યુ કલરની પેન લો અને આ સ્માર્ટ બોર્ડ પર તમારાં મનગમતા, નજીકના તમારા પ્રિય હોય એવાં લોકોનાં ૨૫-૩૦ નામ લખો...

પેલા બહેને તો પહેલાં પોતાના પરિવારના, સગાસંબંધીના, મિત્રોના, પાડોશીના અને ઓફિસમાં સાથે કામ કરતાં લોકોના નામો ફટાફટ લખી નાખ્યાં, અને એક નજર ફેરવી લીધી...

હવે પ્રોફેસરે એને એમાંથી કોઈ પણ ઓછાં પસંદ હોય એવાં પાંચ નામ ડસ્ટરથી ભૂંસી નાંખવા કહ્યું.... બહેન એમનાં ઓફિસ કલિગ્સના નામ ભૂંસી નાંખ્યા... પ્રોફેસરે એને ફરીથી બીજા પાંચ નામ ડિલિટ કરવાં કહ્યું... યુવાન બહેન થોડો વિચાર કર્યો અને પછી પાડોશીના નામ ડિલિટ કરી દીધાં... હવે પ્રોફેશરે એને ૧૦ નામની બાદબાકી કરવાં કહ્યું... એમણે તો હવે સગાસંબંધી અને મિત્રોના નામ બાદ કરવામાં ચાલું કર્યા...

એસી રુમમાં રમાઈ રહેલી ગેમમાં હવે કલાયમેક્સ આવી રહ્યો હતો. હવે બોર્ડ પર માત્ર ચાર જ નામ વધ્યાં હતા, જે એ બહેનનાં મમ્મી-પપ્પા, પુત્ર અને પતિનું નામ હતું... હવે પ્રોફેસરે કહ્યું, કોઈ પણ બે નામ ભૂંસી નાખો... બહેનનો હાથ ધ્રુજી ગયો, એ એકદમ સ્થિર થઈ ગયા, શું કરવું શું ન કરવું? એની ચિંતામાં ગરકાવ થઈ એ ઊભાં હતા, ભારે હૈયે એને આંખમાં ઝળઝળીયાં સાથે એમણે એમનાં મમ્મી-પપ્પાનાં નામ ભૂંસી નાંખ્યા...

ત્યાં હોલમાં ઉપસ્થિત બધાં લોકો સ્તબ્ધ હતા, શાંત હતા, કારણ એમને ખબર હતી એ ગેમ માત્ર એ બહેન જ નહોતા રમી રહ્યાં પણ બધાનાં દિમાગ ચાલી રહી હતી.

હવે માત્ર બે જ નામ બચ્યાં હતા... પતિ અને પુત્ર... પ્રોફેસરે કહ્યું, 'કોઈ એક નામ ભંસી નાંખો...'

બહેનને તો હવે સાપ સુંઘી ગયો એવી દશા હતી... ઘણું વિચાર્યા પછી એણે રીતસર રડતાં રડતાં જ પોતાના એકના એક વહાલ સોયા પુત્રનું નામ ભૂંસી નાંખ્યું...

પ્રોફેસરે કહ્યું, 'થેંક્યુ મેડમ, તમે તમારી જગ્યાએ જઈને બેસી જાવ.' એમણે ત્યાં હાજર બધાં કપલ સામે જોયું... અને પૂછ્યું, કોઈ કહી શકશે કે આવું કેમ થયું? ફક્ત પતિનું નામ જ કેમ બોર્ડ પર રહી ગયું...

કોઈ જવાબ ન આપી શક્યા... બધાંનાં મોઢા વિલાઈ ગયા હતા... પ્રોફેસર પંડ્યા ફરી પેલાં બહેનને ઊભાં કર્યા... કેમ બહેન, જેમણે તમને જન્મ આપ્યો, લાડકોડ કરીને ઊછેર્યા, ધામધૂમથી લગ્ન કર્યા એવાં તમારાં માતાપિતાના નામ ભંસી નાંખ્યા...? અરે, બીજું બધું છોડો તમે જે કુખે તમારાં સંતાનને જન્મ આપ્યો, એનું પણ નામ ભૂંસી નાંખ્યું?

બહેનને અચકાતા જવાબ આપ્યો, 'મમ્મી પપ્પાની હવે ઉંમર થઈ ગઈ છે, થોડાં વર્ષો બાદ એ મને અને આ દુનિયાને છોડીને ચાલ્યાં જશે, મારો છોકરો મોટો થશે. ત્યારે શક્ય છે કે ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જાય, અથવા લગ્ન કરી અમારાથી દૂર ચાલ્યો જાય... પણ મારા પતિ જયાં સુધી એમનાં જીવમાં જીવ છે ત્યાં સુધી મને મારા લાઈફ પાર્ટનર બની સાચવશે અને મને છોડીને નહીં જ જાય, એટલે મારા પતિ જ મારા માટે સર્વસ્વ છે!!'

પ્રોફેસર અને હૉલમાં બેઠેલાં સૌની ભીની આંખો સાથે અવિરત તાળીઓનો ગડગડાટ થતો રહ્યો... પ્રોફેશર બોલ્યા, 'તમે એકદમ સાચું કહ્યું, મેડમ તમે બધાં વગર રહી શકશો પણ તમારાં અર્ધ અંગ સમાન પતિ વગર નહીં રહી શકો...' ઑલ ધ બેસ્ટ...

ચૂંટલો :

સાંસારિક જીવનમાં મજાક-મસ્તી સાથે પતિ-પત્ની પર જૉક કરવા, સાંભળવાં, હસવું એ એક હદ સુધી તો ઠીક છે, પણ દરેક સ્ત્રી કે પુરુષને એનો લાઈફ પાર્ટનર જ સૌથી વધુ પસંદ હોય છે, એ વાત ભૂલવા જેવી નથી તો આજથી પોતાના લાઈફ પાર્ટનરને 'લાઈક' આપતાં થઈ જાવ...

## સમજુબાનું બારમાં ધોરણનું પરિણામ આવ્યું ત્યારે તેને કોલેજ કરવાના ઘણા કોડ હતા, ઉચ્ચ અભ્યાસ કરી તેને પોલીસ ઓફિસર બનવું હતું, જોમ, જુસ્સો અને ઉત્સાહ ભરપુર હતો, પણ પિતાએ પહેલાં સગપણ અને પછી ઘડીયા લગ્ન ગોઠવી દીધાં, સમજુબા કંઇ સમજે એ પહેલાં પરણીને સાસરામાં આવી ગયાં

**નવાં કલેવર**

**- નટવર હેડાઉ**

સમજુબા ભાગી ગઈ.

એવું કેમ બન્યું? એ પ્રશ્ન ચોરેને ચૌટે ચર્ચાતો હતો. કેમ કે તે આમ તો ખુબ સમજદાર હતી. રુપાળી અને યુવાન હતી. પણ કયારેય આંખ ઊંચી કરી કોઈ પુરુષ સામે જોતી પણ નહીં. હાં વાતો એવી થતી હતી કે તે રીસામણે બેઠી છે. પણ તેથી શું. પતિ સાથે કંઈક વાંધા પડ્યા હશે. ભઈ વાંધા બીજા શું હોય. દરબાર એટલે દરબાર, બાપુને છાંટો પાણી લેવાની ટેવ એ સમજુને ગમતી નહીં. માબાપના દબાણને કારણે સમજુ કંઈ કહી સકતી નહીં. હાં, સજ્જનસિંહ બાપુ દેખાવે અને સ્વભાવે ગમી જાય. નાતમાં પાંચમાં પુછાતું ખોરડું એટલે માતાના વિરોધ છતાં પિતાએ ત્યાં સગપણ ગોઠવી નાખ્યું. જાગીર છે, પોતાનો બીઝનેશ કરે છે. પછી આપણે બીજું જોઈએ શું? હાં, છાંટો પાણી લે છે એ તો આપણી નાતમાં કંઈ નવી નવાઈ નથી. પરંપરાગત આ દુષણ તો ચાલ્યું જ આવે છે. આ વાત સાંભળી સમજુબાની માતા ચુપ થઈ ગયેલી.

સમજુબાનું બારમાં ધોરણનું પરિણામ આવ્યું ત્યારે તેને કૉલેજ કરવાના ઘણા કોડ હતા. ઉચ્ચ અભ્યાસ કરી તેને પોલીસ ઓફિસર બનવું હતું. જોમ, જુસ્સો અને ઉત્સાહ ભરપુર હતો. પણ પિતાએ પહેલાં સગપણ અને પછી ઘડીયા લગ્ન ગોઠવી દીધાં. સમજુબા કંઈ સમજે એ પહેલાં પરણીને સાસરામાં આવી ગયાં.

સજ્જનસિંહનો સ્વભાવ અકડુ હતો. તે શું બિઝનેશ કરતા હતા એ સમજુને આજ સુધી સમજાયું નથી. થોડા દિવસ તો એ સમજુના રુપ, યુવાની અને પ્રેમના પાલવે બંધાઈને રહ્યા. પણ તેમનો એ સંવનન કાળ લાંબો ચાલ્યો નહીં. ફૂલે ફૂલે ફરનારો ભ્રમર એક જગ્યાએ જંપીને બેસે ખરો. બિઝનેશના કામે બહાર જાઉં છું એમ કહી હવે એ દિવસોનાં દિવસ બહાર રહેતા હતા. એક દિવસ મોડીરાતે ઘેર આવ્યા ત્યારે તેમનું મોં ગંધાતું હતું. સમજુને વાત સમજાઈ ગઈ. તે કંઈ કહે તે પહેલાં સજ્જનસિંહે પોતાનો કડપ દેખાડયો. એટલે સમજુબા ન હોઠ સિવાઈ ગયા. ઓશિકામાં માથું નાખી એ રાતભર રડતી રહી. સજ્જનસિંહ પડખું ફરીને સુઈ ગયા હતા. વહેલી સવારે સમજુબાને ઉબકા આવવા લગ્યા. તેની સાસુ દોડી આવ્યાં અને બોલ્યા 'બેટા આ બધાંથી તારે ટેવાવું પડશે. તું સમજાવીશ તો કદાચ એ પીવાનું ઓછું કરી દેશે.'

'બા, એવું નથી, મને બે દિવસથી બેચેની લાગ્યા કરે છે. ખાટું ખાવાની ઈચ્છા થાય છે.' સમજુએ કહ્યું.

'ઓહ! હવે સમજી તો તો સારા સમાચાર છે. હું હમણાં જ સજ્જનને જગાડીને કહું છું.'

'બેટા સજ્જન જાગ.. જાગ... તને વધામણી આપવા આવી છું.'માતાએ હોંશભેર કહ્યું.

'શું છે બા, સુવા દ્યોને, આખી રાતનો ઉજાગરો છે.' સજ્જનસિંહે પડખું ફરી જતાં કહ્યું.

'બેટા તું બાપ બનવાનો છે. આપણાં કુટુંબનો વારસ આવશે. કુળદીપકથી આ મહેલ પ્રકાશી ઉઠશે.' માતા બોલ્યા.

'સારું... સારું...' કહી સજ્જનસિંહ ફરી પડખું ફરીને સુઇ ગયો.

દિવસો વિતવા લાગ્યા તેમ તેમ સમજુબાની મુશ્કેલીઓ વધવા લાગી. સજ્જનસિંહ હવે ઘરમાં ઓછા અને બહાર વધુ રહેતા હતા. મોડી રાતે લથડીયાં ખાતા ખાતા આવે કયારેક તો કોઈ ભાઈબંધ દોસ્તારો તેમને ઘર સુખી મુકી જાય. આવીને પલંગમાં એવી રીતે પડે જેમ કપાઈને કોઈ વૃક્ષ પડ્યું હોય. સમજુબા સામે તો જોવાનું પણ એમને બંધ કરી દીધું હતું. સમજુએ એક દિવસ બાપુના કોટ પર લાંબો વાળ જોયો. સવારે નશો ઓછો થયેલો જોઈ દરેક પત્નીની જેમ સમજુબાએ અનેક પ્રશ્નો કર્યા. બંને વચ્ચે ખુબ્ભ જ ઝઘડો થયો. પણ બાપુ એટલે બાપુ સજ્જનસિંહે કહી દીધું. આપણામાં તો આમ જ હોય. બાપુઓ બે ચાર રાણીઓ રાખે તેમાં નવાઈ ન કહેવાય. કયારેક નાચગાનની મોજ લેવા કોઠે જઈને કોઈ વારાંગનાને હાથે જામ છલકે એ તો દરબારી ઠાઠ કહેવાય. સમજુબાએ આ બધું બિલકુલ ગમતું ન હતું. બંનેની વચ્ચે એક મોટી તિરાડ પડી રહી હતી. રોજ રોજ ઝઘડા થતા હતા. એમ કરતાં કરતાં છ સાત માડ વિતી ગયા.

સજ્જનસિંહ માંને આવા બધી વાતનો અણસાર આવી ગયેલો. તેમણે વેવાઈને બોલાવી શ્રીમંતનું મુર્હુત જોવડાવીને ખોળો ભરી સમજુબાને પિયર વળાવી દીધા. નવ માસ પુરા થતાં જ સમજુએ ફૂલ જેવા રૂડારૂપાળા કુંવરને જન્મ આપ્યો. ગામમાં સાકર વહેંચાઈ. પણ સજ્જનસિંહ તો બે દિવસથી ઘરે આવ્યો જ નહોતો. આ તરફ સમજુબાને એમ થતું હતું કે દીકરાનું મોં જોવા એ અધીરા હશે. જાણશે તો તરત દોડીને આવશે પણ એવું કંઈ બન્યું નહીં.

સજ્જનસિંહ પોતાની મસ્તીમાં મસ્ત હતો. તેની માં એ ઘણી વખત તેને સમજાવવાની કોશિષ કરી. પણ એ એકનો બે ન થયો. તેની માં પોતે સમજુબાને તેડવા આવ્યા. સજ્જનસિંહનો દીકરો બિલકુલ તેના જેવો જ રૂડોરૂપાળો લાગતો હતો. પૌત્રને ખોળામાં રમાડતાં દાદીને આંખમાં આંસુ આવી ગયા. સમજુબાને સાસરે આવવા તૈયારી કરવા તેમણે સમજાવ્યું. પણ સમજુબાએ ચોખ્ખી ના પાડી દીધી.

'કુંવર ને જરા મોટા થવા દો, પછી મોકલીશું' એમ કહીને સમજુના માબાપે વાત વાળી લીધી. સમજુને પણ પતિની યાદ સતાવતી હતી. તેનું મન દોડી દોડીને તેની પાસે જવા તડપતું હતું. પણ છેલ્લા ઘણા વખતથી સજ્જનસિંહે પોતાની સામે જોવાની પણ દરકાર કરી નથી એ વાતે પગ પાછા પડતા હતા. માબાપ તેને સમજાવતાં, 'બેટા, દીકરાનું મોં જોઈને સજ્જનસિંહ પીગળી જશે. પછી તું કહીશ એમ એ કરશે. એકવાર તારે ત્યાં જવું જોઈએ.'

'માં જવાની મારી ના નથી, પણ હું કેટલાય દિવસથી ફોન કરું છું. એ ફોન પણ ઉપાડતા જ નથી.'

'બેટા, દરેક પુરુષ પતંગિયા જેવો હોય છે. તમે જોતાં જ એ બધું ભુલી જશે, ઘીના ઠામમાં ઘી પડી જશે.' તેની માં તેને સમજાવતી હતી.

આમ કરતાં કરતા વરસ વીતી ગયું. દીકરો પણ મોટો થવા લાગ્યો હતો. પહેલાં તો સજ્જનસિંહની માતાનો વારંવાર ફોન આવતો પણ ફોન આવતાં બંધ થઈ ગયા હતા. તેથી હવે સમજાવટ કરવાનો વારો સમજુને જ આવ્યો હતો. સામે પક્ષેથી બિલકુલ રીસ્પોન્સ મળતો ન હતો.

દીકરો મોટો થતાં સમજુબાની ચિંતા વધી. તેના શિક્ષણ માટે મા બાપ સાથે એ ગાંધીનગર રહેવા આવી ગયા સમજુબાએ હવે મન વાળી લીધું હતું. અને ચોવીસે કલાક દીકરામાં જીવ પરોવવા લાગી હતી. દીકરાને બાલમંદિરે લેવા મુકવા જવો. લેસન કરાવવું. ખવડાવવું, પીવડાવવું, એમાં જ સમજુબાનો દિવસ વીતી જતો હતો.

તેના માતા પિતા એ સજ્જનસિંહને મળીને સમજાવવાની કોશીશ કરી. પણ પથ્થર ઉપર પાણી જેવો ઘાટ હતો.

આમ કરતાં કરતાં સાત આઠ વર્ષનાં વહાણાં વાઈ ગયા. સમજુબાના પિતા નિવૃત્ત થતાં આર્થિક મુશ્કેલી પણ પડવા લાગી. બીજી બાજુ જુવાન દીકરી ઘેર બેઠી હતી. ભાણાના ભણતરનો ખર્ચ પણ વધી રહ્યો હતો. સજ્જનસિંહ કોઈ વાત સાંભળવા તૈયાર ન હતો. છેવટે કોર્ટનો સહારો લેવા તૈયાર થયાં. સજ્જનસિંહ ભરણપોષણ આપવા કે છૂટાછેડા આપવા પણ તૈયાર ન હતો. આ તરફ સમજુબા સાસરે જવા તૈયાર ન હતી.

ગયા વરસની જ વાત છે. ચોમાસું બરાબર જામ્યું હતું. આખી રાત ધોધમાર વરસાદ પડ્યો હતો. સમજુને સજ્જનસિંહ ખુબ યાદ આવતા હતા. પણ... કોઈ ઉપાય નહોતો. સમજુએ પડખાં ફેરવતાં ફેરવતાં ઉજાગરામાં રાત વિતાવી સવારે તેની આંખ મીંચાઈ ગઈ. દીકરો સુમનસિંહ જાગી ગયો. વરસાદ ચાલુ હતો. તે હવે મોટો થઈ ગયો હતો. જાતે જ નહાઈને કપડાં પહેરી તૈયાર થઈ ગયો. શાળાની વાન હજુ આવી નહીં. સમય થઈ જતાં વાન ન આવે તો કંઈ નહીં સાયકલ છે પછી શું? વરસાદ હવે ધીમો પડી ગયો હતો. રેઈનકોટ પહેરી દફતર લઈ એ સાઈકલ પર સવાર થઈ સ્કૂલે જવા નીકળી પડ્યો.

'સમજુબા... સમજુબા...' ઘરના દરવાજે કોઈ બુમો પાડે છે એમ લાગતાં સમજુ આંખો ચોળતી ઊભી થઈ બારણું ખોલીને બહાર જોતાં તેના મોંમાંથી ચીસ નીકળી ગઈ.

'સુમન... સુમન... બેટા આ શું થયું?'

પણ સુમન હવે કંઈ જવાબ આપે એમ ન હતો.

તેને લઈને આવેલા માણસોએ સુમનના પાર્થિવ દેહને જમીન પર સુવડાવ્યો.

'આ બધું શી રીતે બન્યું?' સમજુબાના માતાપિતાની આંખમાં પ્રશ્ન જોઈ સાથે આવેલા માણસોએ વાત કરી.

'આ છોકરો વરસતા વરસાદમાં સાઈકલ પર જતો હતો. ત્યાં રોડની નજીકના નાળા પાસેથી પસાર થતાં પાણીનાં પ્રવાહમાં તણાયો. કેમ કે આખી રાત વરસાદ થવાથી નાળા નજીકનો રસ્તો ધોવાઈ ગયો હતો. બે-ત્રણ માણસો તેને બચાવવા પાણીમાં કુદી પડ્યાં. પણ એ બચાવે તે પહેલાં આ છોકરો ખુબ પાણી પી ગયેલો. તેને બહાર કાઢયો ત્યારે શ્વાસ થોડો થોડો ચાલુ હતો. પણ રસ્તામાં જ...' એ લોકો વાત પુરી કરે તે પહેલાં રોક્કળ થઈ ગઈ. આડોશીપાડોશી ભેગા થઈ ગયા. તાત્કાલિક સગાસંબંધીઓને પણ જાણ કરાઈ. છોકરાના બાપ એટલે કે સજ્જનસિંહને પણ છેવટે માતો દીકરાને અગ્નિદાહ આપ્યો.

આ વાતને વરસ થવા આવ્યું છે ત્યાં અચાનક સવાર સવારમાં આખી સોસાયટીમાં એ વાત જંગલની આગની જેમ ફેલાઈ ગઈ કે સમજુબા ભાગી ગઈ છે. તે પણ કોઈ હલકી જાતના પુરુષ સાથે.

હવેતમે જ કહો તેના માટે બીજો ઉપાય પણ શું હતો? પતિ તેને સ્વીકારવા તૈયારન હતો અને તે પણ પતિ પાસે જવા માંગતી ન હતી. બંને વચ્ચેના એક તંતુરુપ દીકરો હતો. એ પણ હવે રહ્યો ન હતો. છૂટાછેડા પતિ આપતો ન હતો. જેથી નાતમાં બીજા કોઈ સાથે લગ્નની શક્યતા ન હતી. તેમાં પિતાનો અહં પણ જવાબદાર હતો. આપણા કુળમાં એક ભવમાં બે ભવ ન થાય. ત્યારે સમજુબા એ જે પગલું ભર્યું તે શું સમજદારી પૂર્વકનું ન હતું? એક યુવાન મજબુર સ્ત્રી પોતાના મનોઆવેગોને કઈ રીતે રોકી શકે અને જો કરે તો પણ બીજું શું કરે.

# પ્રેમનો આવિર્ભાવ પ્રગટ અને અપ્રગટ

## વાત નિખાલસ પ્રેમની અને પ્રેમની કબુલાતની વાત છે, પ્રેમનો આવિર્ભાવ પ્રગટ કરવો અને અપ્રગટ રહેવા દેવો એવી કશ્મકશ પ્રેમની મોસમ બેસે ત્યારે હોય છે

**ગુલમહોર**

**- દિનેશ દેસાઇ**

અમૃતા પ્રિતમ (૧૯૧૯-૨૦૦૫) એટલે વીસમી સદીનાં ભારતીય સાહિત્યનાં જાણીતાં સાહિત્યકાર. તેમણે લખ્યું છે કે પ્રેમ એ જિંદગીની અવિસ્મરણીય ઘટના છે. જો તમે જીવનમાં કોઈનો પણ બિનશરતીય અને નિર્દોષ પ્રેમ પામી શક્યા નથી તો તમારું જીવન જ નિષ્ફળ છે. પ્રેમ એ જ તો જીવનની સાર્થકતા છે. કમનસીબે દરેક વ્યક્તિને કોઈનો બિનશરતીય અને અઢળક પ્રેમ આજીવન મળે એવું બનતું નથી.

પાકિસ્તાનના પંજાબ પ્રાન્તમાં ગુજરાંવાલાં તેમનું જન્મસ્થળ. હિન્દુસ્તાનના ભાગલા પછી અમૃતા પ્રિતમ પરિવાર સાથે સ્થળાંતર કરીને ભારત આવ્યાં. ઉત્તરાવસ્થામાં તેઓ નવી દિલ્હીમાં જ રહ્યાં અને ૨૦૦૫માં મૃત્યુ પામ્યાં. પંજાબી અને હિન્દી ભાષામાં તેમણે યાદગાર કવિતાઓ, નવલકથાઓ અને લલિત નિબંધોનાં ૧૦૦થી વધુ પુસ્તક આપ્યાં છે. તેમની પિંજર નામની નવલકથા ઉપરથી ફિલ્મ પણ બની છે.

તેમનાં લગ્ન સામાજિક રીતરિવાજ પ્રમાણે સને ૧૯૩૫માં પ્રિતમ સિંગ સાથે થયાં અને તેઓ અંગત મતભેદને કારણે સને ૧૯૬૦માં છુટા પડ્યાં. અમૃતા પ્રિતમ હિન્દી સિનેમાનાં જાણીતા ગીતકાર સાહિર લુધિયાનવીનાં પ્રેમમાં હતાં પણ એક ન થઈ શક્યાં. તેમની આત્મકથા રેવન્યુ સ્ટેમ્પ (રસીદી ટિકિટ) જાણીતી છે. સને ૧૯૬૫થી સતત ૪૦ વર્ષ મૃત્યુ પર્યંત ઈમરોઝ નામના ચિત્રકાર પ્રેમી સાથે લિવઈન રિલેશનશીપમાં રહ્યાં. તેમણે પોતાની આ પ્રેમકથા અમૃતા ઈમરોઝઃ એ લવસ્ટોરી પુસ્તકમાં આલેખી છે.

વાત નિખાલસ પ્રેમની અને પ્રેમની કબુલાતની વાત છે. પ્રેમનો આવિર્ભાવ પ્રગટ કરવો અને અપ્રગટ રહેવા દેવો એવી કશ્મકશ પ્રેમની મોસમ બેસે ત્યારે હોય છે. ઈસવીસન પૂર્વે ૪૧મા વર્ષમાં ઈજિપ્તની મહારાણી ક્લિયોપેટ્રાને રોમન આર્મીના ચીફ માર્ક એન્ટોની સાથે પ્રેમ થઈ ગયો હતો. દુનિયાની આ સૌથી જૂની પ્રેમકથા છે. પ્રિયજન તેની પ્રિયતમા માટે લવસોંગ ગાઈને પોતાનો પ્રેમ વ્યક્ત કરતો હોય છે. આવું લવસોંગ ઈસવીસન પૂર્વે ૧૯૮૯ના વર્ષમાં મિડલઈસ્ટ પ્રદેશમાં લખવામાં આવ્યું હતું.

પ્રેમ વ્યક્ત કરવા માટે પ્રિયતમાની તર્જનીમાં રિંગવિંટી પહેરાવવાની ઔપચારિકતા પણ હજારો વર્ષ જૂની છે. ઈસવીસન પૂર્વે ૨૭મા વર્ષમાં રોમન લોકોમાં એક માન્યતાને આધીન આવી વિંટી પહેરાવવાની શરુઆત થઈ. આપણી ભારતીય સંસ્કૃતિમાં તો પ્રેમની મોસમ એટલે વસંત ઋતુ. પરંતુ વિદેશોમાં તા.૧૪ ફેબ્રુઆરીને વેલેન્ટાઈન ડે એટલે કે પ્રેમદિન તરીકે મનાવવામાં આવે છે. આ સ્પેશિયલ દિવસ મનાવવાની શરુઆત પણ ઈસવીસન પૂર્વે પોપ ગેલાસિયસે ખ્રિસ્તી શહીદોની યાદમાં કરી હતી. પરંતુ સમય જતા એમાં ફેરફાર આવતા ગયા.

લવ - શબ્દ પહેલી વાર ઈસવીસન પૂર્વેના ૯૦૦મા વર્ષમાં જૂની અંગ્રેજી ભાષામાં - ફૂફૂ શબ્દ પરથી પ્રયોજવામાં આવ્યો અને પહેલી વાર ઉપયોગમાં લેવામાં આવ્યો. દુનિયામાં પહેલી વાર કોઈ પ્રેમી યુગલની પ્રેમકથા લખવામાં આવી હોય તો એ રોમિયોજુલિયટની પ્રેમકથા છે. ઈસવીસન ૧૫૯૭માં બ્રિટિશ સાહિત્યકાર વિલિયમ શેકસ્પિઅરે રોમિલો જુલિયટની પ્રેમકહાની લખી. જે આજે પણ બેસ્ટ સેલર ગણાય છે. પ્રેમની વાત કરીએ તો તાજમહલને કેમ ભુલી જવાય. હિન્દુસ્તાનના શહેનશાહ શાહજહાએ પોતાની બેગમ મુમતાજમહલની યાદમાં બનાવડાવેલો તાજમહલ ઈસવીસન ૧૬૩૨માં તૈયાર થયો. ૨૨,૦૦૦ મજુરોએ ૨૨ વર્ષની મહેનત કર્યા પછી આ સ્થાપત્યની કવિતા તૈયાર થઈ.

ઈસવીસન ૧૮૧૩માં અંગ્રેજી લેખક જેન ઓસ્ટને પ્રાઈડ એન્ડ પ્રેજયુડિસ નામની કલાસિક લવસ્ટોરી નોવેલ લખી. સને ૧૮૪૦ પછીથી બ્રિટિશ એમ્પાયરનાં ક્વીન વિકટોરિયાના ફેશનેબલ સફેદ વેડિંગ ડ્રેસને એટલી લોકપ્રિયતા મળી કે એમણે પરિધાન કરેલા આ ડ્રેસને પશ્ચિમના દેશોમાં અને હવે તો ભારતમાં પણ ખ્રિસ્તી પરિવારોમાં લગ્નવિધિ વખતે નવવધૂ અવશ્ય પહેરે છે. પ્રેમ કદાચ ઝાકળ જેવો છે. એકરાર કરવામાં વાર લાગે તો પ્રેમ ઝાકળ બનીને ઊડી પણ જાય.

સ્ટોપર :

''મેં ચુપ શાંત ઔર અડોલ ખડી થી
સિર્ફ પાસ બહતે સન્મુદ્ર મેં તુફાન થા
ફિર સન્મુદ્ર કો ખુદા જાને
કયા ખયાલ આયા
ઉસને તુફાન કી એક પોટલી સી બાંધી
મેરેં હાથોં મે થમાઈ
ઔર હસ કર કૂછ દૂર હો ગયા''

- અમૃતા પ્રિતમ